હોળી આવતા જ ધાણી-ચણાની ખરીદી ચાલુ

દેડિયાપાડામાં ધાણી-ચણા, સિંગના ભાવમાં વધારાથી લોકો હેરાન

ગત વર્ષે ધાણીના ભાવ રૂા.૨૦૦ હતા આ વર્ષે રૂા. ૨૪૦ પહોંચ્યા

। દેડિયાપાડા ।

દેડિયાપાડા સહિત સમગ્ર નર્મદા જિલ્લાના છ તાલુકામાં આદિવાસીઓનો હોળી અને ધુળેટીનો તહેવાર સૌથી મોટો તહેવાર છે. હોળી - ધૂળેટીનો તહેવારની ઉજવણી કરવા અત્યારથી આદિવાસીઓમાં અનેરો આનંદ ઉલ્લાસ અને પ્રસન્નતા જેવા મળે છે.


ધાણી-ચણાનું વેચાણ કરતી મહિલા નજરે પડે છે.

દરમિયાન દેડિયાપાડા ખાતે મહિલાઓ દ્વારા હોળીના તહેવાર પૂર્વે વિવિધ માર્ગોની આજુ બાજુ ચુલાઓ બનાવીને તેમાં લાકડાં સળગાવીને મોટું કઢીયું ચુલા ઉપર ચઢાવીને કઢીયામાં રેતી નાંખીને દેશી જુવારની ધાણી, મકાઈની ધાણી ફોડે છે. ચણા સેકે છે. દાળિયા ફોડે છે. ખારીસીંગ ફોડે છે. ચુલા ઉપર દેશી જુવારની ધાણી મકાઈની ધાણી અને ચણા સેકેલા બનાવીને વેચીને પેટીયુ રળે છે.

આ પ્રકારના લાઈવ કાઉન્ટર ઉપરથી આદિવાસીઓ હોળી ધુળેટીના તહેવાર નિમિત્તે ધાણી, ચણા, દાળિયા, ખારી સીંગ અને અન્ય વસ્તુઓ ખરીદે છે. આ વસ્તુઓની હાટડીઓ દેડિયાપાડા ખાતે લાગી ગઈ છે. જો કે બીજી તરફ દેડિયાપાડા ખાતે હોળી ધુળેટીના તહેવાર હોવાથી ધાણી ચણાનો ભાવ આસમાને પહોંચી ગયા છે. ગરીબો માટે હોળીનો તહેવાર હોળી જ બની ગયો છે.

દેશી જુવારની ધાણી પ્રતિ કિલોનો ભાવ ગત વર્ષે રૂા. ૨૦૦ હતો આ વર્ષે રૂપિયા ૨૪૦ છે., મકાઈની ધાણીનો ભાવ પ્રતિ કિલોનો ભાવ રૂપિયા ૨૪૦ છે. ચુલા ઉપર ફોડેલા ચણાનો ભાવ પ્રતિ કિલોનો રૂપિયા ૧૪૦ છે. દાળિયાનો પ્રતિ કિલોનો ભાવ રૂપિયા ૧૦૦ છે. ચુલા ઉપર ફોડેલી ગરમ કરેલી ખારીસીંગનો પ્રતિ કિલોનો ભાવ રૂપિયા ૨૦૦ છે. તેમ છતાં હોળી ધુળેટીના તહેવારની ઉજવણી કરવા માટે આ વસ્તુઓ લઈને ખાઈને આનંદ મેળવે છે.મોંઘવારી છતાં આ વસ્તુઓ દેડિયાપાડા ખાતે આદિવાસી ઠેર ઠેર ખરીદી કરે છે.

સ્વયં સેવકો અને સફાઈ કર્મીના બાળકોનું સન્માન કરાયું

ભરૂચ ખાતે નર્મદા અને વિશ્વનાથ વસ્તીનું વિરાટ હિન્દુ સંમેલન યોજાયું


હિન્દુ સંમેલનમાં ઉપસ્થિત લોકો તસવીરમાં નજરે પડે છે.

। ભરૂચ ।

ભરૂચના નર્મદા વસ્તી અને વિશ્વનાથ વસ્તી દ્વારા વિરાટ હિન્દુ સંમેલન રંગકૃપા સોસાયટીના કોમન પ્લોટ ખાતે યોજવામાં આવ્યુ હતુ જેમાં હિન્દુ ભાઈ-બહેનો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સંમેલન દરમ્યાન સામાજીક જાગૃત, કલાક સમન્વય સમાન વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા આ તકે પર્યાવરણ જાગૃતિ માટે કાર્યરત સ્વયંમ સેવકો, સફાઈકર્મીઓ અને વસ્તીના તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત વકતા કલ્પેશભાઈ પટેલે કુટુંબ પ્રબોધન, સામાજીક સમરસતા, પર્યાવરણ-પાણી બચાવો અને નાગરિક કર્તવ્યનું પાલન કરવા ઉપર ભાર મુકયો હતો. સ્વ ના જાગરણ થકી જ સમસ્થ ભારતનું નિર્માણ શકય છે. તેવો શૂર વ્યકત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ભારત માતાની આરતી, વંદે માતરમ અને રાષ્ટ્ર ગીતના ગાન બાદ હજારો ભાવિકોએ સમાનતાના ભાગ સાથે સમુહ ભોજન પ્રસાદ લીધો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો તેમજ શ્રેષ્ઠીઓ, સામાજીક સંસ્થાના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્ર સામેના પડકારોને પરાસ્ત કરવાનો સંકલ્પ કરાયો

જંબુસર નજીક મગણાદ ગામ પાસે

કારમાં બાંધીને લઈ જવાતી વાછરડીને બચાવાઈ : ૩ આરોપીની ધરપકડ

આરોપીએ વડોદરાથી રૂા. ૪ હજારમાં વાછડી ખરીદી હતી

। જંબુસર ।

જંબુસર પોલીસે મગણાદ ગામ નજીક ઢાઢર નદીના બીજ પાસેથી અલટો કારમાં કતલ માટે લઈ જવાતી વાછરડીને બચાવીને અલ્ટો ચાલક અને અન્ય બે મળીને કુલ ૩ આરોપીની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.


આરોપીઓને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયુ હતું

જંબુસર પોલીસે મગણાદ ગામ ઢાઢર નદીના બ્રિજ પાસેથી હાટડી ખાતે રહેતા રફીક ઉર્ફે ગાંડીયાને અલ્ટો કારમાં કુરતાપુર્વક બાંધેલી વાછરડી સાથે ઝડપી પાડ્યો હતો.

પોલીસે રફીક ઉર્ફે ગાંડીયો ઈસ્માઈલ કુરેશીની અયકાયત કરીને પુછપરછ કરતા તેણે કહ્યું હતું કે આ વાછરડી બે દિવસ પહેલા વડોદરા ફતેપુરા ખાતે રહેતા ગાયો ભેંસોના વેપારી પાસેથી રૂ.૪૦૦૦/-મા ખરીદી છે અને આમોદ તાલુકા ના આછોદ ગામ ખાતે રહેતા અતાઉલ્લા ઉર્ફે અક્કો યુસુફ દશુ મારી પાસે કટીંગ માટે રૂપિયા ૬,૦૦૦ મા માંગતા આજરોજ અતાઉલ્લા ઉર્ફે અક્કો યુસુફ દશુ તથા તેની સાથે આવેલ ફુજેલ સઈદ લાંગિયા રહે, આછોદ જે બન્ને જણા બાઈક લઈ અણખી કેનાલ પાસે આવેલ ખુલ્લી પડતર જગ્યાએ જ્યા આ વાછરડીને બાંધી રાખેલ ત્યા આગળ આવેલ અને અમો ત્રણેય જણાએ ઉપરોક્ત અલ્ટો ગાડીની પાછળની સીટમાં બેસાડી અને અતાઉલ્લા ઉર્ફે અક્કાએ મને આછોદ આવવા જણાવી આ બન્ને જણા બાઈક લઈ જતા રહેલ અને હું આ વાછરડી ને મારી અલ્ટોમા લઈ જઈ રહ્યો હતો

પોલીસે રફિક ઈસ્માઈલ કુરેશી અને આછોદના બન્ને ઈસમો અતાઉલ્લા ઉર્ફે અક્કો યુસુફ દશુ અને જેલ સઈદ લાંગિયાને દબોચી લઈ ત્રણેયની સઘન પુછપરછ તથા રિકન્સ્ટ્રક્શન કરવા પોલીસ ના રિકન્સ્ટ્રક્શન દરમ્યાન એસ.ટી. ડેપો સર્કલ પાસે જંબુસર પોલીસ ઝિંદાબાદના નારા પણ નગરજનો દ્વારા લગાવવા મા આવ્યા હતા.

નાંદોદ તાલુકાના સુંદરપુરા ગામે આયુષ મેળો યોજાયો

આડ અસર વગર રોગને નાબૂદ કરતી આયુર્વેદ સારવાર અપનાવો

મેળામાં રોગોનું નિદાન કરાયુ, યોગાભ્યાસની જાણકારી અપાઈ

। રાજપીપલા ।

નાંદોદ તાલુકાના સુંદરપુરા ગામે વેરાઈ માતા મંદિર પ્રાંગણમાં આયુષ મેળાનું આયોજન કરાયુ હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગામના અગ્રણી અને પૂર્વ સંસદીય સચિવ હર્ષદભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા અને કહ્યું હતું કે આપણી ભારતીય સંસ્કૃતિની વર્ષો જૂની પરંપરા આયુર્વેદ અને યોગ પદ્ધતિએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર વિશ્વને નિરોગી જીવનનો સંદેશ આપ્યો છે. રાજપીપલા સ્થિત ફાર્માસી દ્વારા વિવિધ ઔષધિય છોડ-ઝાડ ઉગાડી તેનું જતન કરી વિવિધ ઔષધી બનાવવામાં આવે છે. આ ઔષધિઓ ખૂબજ અસરકારક અને રોગોને જડમૂળથી મટાડી શકે તેવી હોય છે, તેની શરીરમાં કોઈ આડ અસર પણ રહેતી નથી. તેથી આયુર્વેદ ચિકિત્સાને અપનાવીએ તેવી અપીલ કરી હતી.


આયુષ મેળામાં ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનો નજરે પડે છે.

આયુષ મેળામાં વિવિધ રોગોનું નિદાન કરાયુ હતું અને પંચકર્મ સારવાર જેમ કે અભ્યંગ, સ્વેદન, વમન, વિરેચન, બસ્તિ, રક્તમોક્ષણ, નસ્ય તથા અગ્નિકર્મવિષયક માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ સ્થળે યોગા ટીમ દ્વારા યોગાભ્યાસ અને યોગ નિદર્શન થકી યોગ ચિકિત્સા પદ્ધતિ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે ઔષધિય છોડનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુંદરપુરા ગામના સરપંચ શાંતિલાલ વસાવા, જીતગઢના સરપંચ મુકેશભાઈ વલવી, અગ્રણી હરેશભાઈ વસાવા, ઈન્ચાર્જ જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. નેહાબેન પરમાર, આયુર્વેદ હોસ્પિટલના વૈદ્ય પંચકર્મ ડૉ. યોગેશ વસાવા, સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ જૈન યુવક સંઘ સંસ્થા દ્વારા

દેડિયાપાડાની આશ્રમશાળાને રૂા.૪૧.૧૧ લાખનું દાન અપાયું


મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તસવીરમાં નજરે પડે છે.

ભરૂચ : ૯૭ વર્ષ જુની સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘે ૪૦ વર્ષ દરમ્યાન ૭ કરોડ રૂપિયા જેટલી રકમ વિવિધ સંસ્થાઓને દાન રૂપે ફાળવી છે. તેમાં ૨૦૨૫ માં દેડીયાપાડા ભરૂચની રામ આશ્રમ શાળાને પસંદ કરીને તે સંસ્થા માટે રૂા. ૪૧.૧૧ લાખનું દાન ભેગુ કરવામાં આવ્યુ હતું.

મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ દિલીપભાઈ શાહ (સી.એ) નો વિઝન હતુ કે સંસ્થાને આર્થિક ફંડ આપતી વખતે તેમનું શૈક્ષણિક અને મૂલ્યવાન વિકાસ થાય તે દિશામાં ખાસ કર્યા કરવુ એમના એક વિઝન અંતર્ગત આ વરસે અંતરીયાળ વિસ્તારમાં આવેલી દેડિયાપાડાની સંસ્થા માટે અનુદાન એકઠુ કરાયુ છે અને રૂા. ૪૧,૧૧૦૦૦ જેટલી મોટી રકમ કમ્પ્યુટર ખંડ, કૌશલ્ય ખંડ, વર્ગખંડ, બાળકોના સલામતી માટે આજ સુધી ન હોય એવી વાડ બંધાવી આદિ કાર્યો માટે ઉપયોગમાં લેવાશે. આ પ્રસંગે ચેક અર્પણ વિધી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમ માટે સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ શાહ અને તેમના પત્ની ભદ્રાબેન શાહ, સેક્રેટરી સેજલબેન શાહ અને તેમના પતિ મનિષભાઈ શાહ, ઉપપ્રમુખ બકુલભાઈ ગાંધી અને તેમના પત્ની રેખાબેન ગાંધી, વડીલ અને અત્યંત કાર્યનિષ્ઠ એવા કમિટી સભ્ય હસમુખભાઈ શાહ અને તેમના પત્ની કલ્પનાબેન શાહ, શાંતિલાલ ગોસર અને કિરણભાઈ શેઠ પધારેલ હતા.

અંકલેશ્વરની કંપનીમાં કામદારને રાજીનામું લેવડાવતાં વિવાદ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર જીઆઈડીસી હેક્સ ચોકડી વિસ્તારમાં આવેલી રૂસન ફાર્મા કંપનીમાં ૨૦ વર્ષથી ફિટર તરીકે ફરજ બજાવતા મુકેશ સિંહ નામના કર્મચારીનો અચાનક રાજીનામું લખાવી કાઢી મુકવામાં આવતા વિવાદ સર્જાયો છે. સમગ્ર મામલે કરણીસેના મેદાનમાં ઉતરતા વાતાવરણ તંગ બન્યું હતું.

મળતી માહિતી મુજબ, કંપની મેનેજમેન્ટ દ્વારા મુકેશ સિંહ પર કંપનીના વેસ્ટ વોટર અંગે એસ. ઓ.જી.ને માહિતી આપવાનો આક્ષેપ મૂકાયો હતો. અને મુકેશ સિંહને ત્રણ કલાક સુધી ઓફિસમાં બેસાડી રાખ્યા બાદ રાજીનામું લખાવી લીધું હતું.

CHANGE OF NAME

I have Changed my old Name from Before Marriage PATEL GAYATRIBEN GANAPATBHAI To New Name After Marriage **PATEL GAYATRIBEN JIGNESHKUMAR** & I Will Be known as new Name which Please Note.

Address : B1/135, Ashutosh-3, Near HDFC Bank, Linkroad, Bharuch - 392001

CHANGE OF NAME

I have Changed my old Name from JAHANAARA SHOHILAKHTAR SAIYAD To New Name **JAHANAARA SHOHIL AKHTAR SAIYED** & I Will Be known as new Name which Please Note.

Address : 9/5, Rahat-e-rasul estate, Near Univershal School, Maktampur, Bharuch-392012.

CHANGE OF NAME

I have Changed my old Name from YASMINBANU SOHILAKHTAR SAIYAD To New Name **YASMINBANU SHOHIL AKHTAR SAIYED** & I Will Be known as new Name which Please Note.

Address : 9/5, Rahat-e-rasul estate, Near Univershal School, Maktampur, Bharuch-392012.

જાહેર નોટીસ મહેરબાન ભરૂચના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ(મામલતદાર)સાહેબની કોર્ટમાં(શહેર)ભરૂચ

અરજદાર : એકતા અજીતસિંહ ગોહિલ, રહે.૧,ભક્તિનગર, ભાથીજી મંદિર પાસે, મુ.પો.મકતમપુર, તા.જી.ભરૂચ.

વિરુધ્ધ — જન્મ-મરણ અ.નં.૫૯/૨૦૨૫

સામાવાળા : જન્મ-મરણ અધિકારીશ્રી, ભરૂચ નગરપાલીકા, ભરૂચ, તા.જી.ભરૂચ.

આથી લાગતા વળગતા તેમજ હિત ધરાવતી વ્યકિતઓને આ જાહેર નોટીસથી જણાવવાનું કે,ઉપર જણાવેલ અરજદાર નામે **એકતા અજીતસિંહ ગોહિલનો તા.૨૪-૦૭-૧૯૯૩ના રોજ ૧, ભક્તિ નગર, ભાથીજી મંદિર પાસે, મુ.પો.મકતમપુર, તા.જી.ભરૂચ ખાતે જન્મ** થયેલ હતો. જેથી તેઓના જન્મના દાખલાની માંગણી કરતા જણાવેલ છે કે ભરૂચ નગરપાલિકા ભરૂચના દફતરે જન્મની નોંધણી થયેલી નથી. તેવી માહિતી અરજદારને મળેલ હોવાથી જન્મનો દાખલો મળેલ નથી માટે સદરહું જન્મ અંગેની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અરજદારે અત્રેની કોર્ટમાં ઉપર જણાવેલ નંબરથી અરજી દાખલ કરેલ છે. તો આ બાબતે જો કોઈ વ્યકિતને વાંધો હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસની અંદર અત્રેની કોર્ટમાં લેખિતમાં જાણ કરવી. જો આ મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો કાયદેસર રીતે નિયમ અનુસાર હુકમ કરી કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજરોજ તા.૨૬-૨-૨૦૨૬ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

અરજદાર તર્ફે એડવોકેટ સહી/- એસ.એસ.દશુ,મુ.પો.લુવારા,તા.જી.ભરૂચ.મો.૯૮૨૪૪૨૭૦૦૪

જાહેર નોટીસ મહેરબાન ભરૂચના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ(મામલતદાર)સાહેબની કોર્ટમાં(શહેર)ભરૂચ

અરજદાર : પ્રકાશચંદ્ર હીરાલાલ ચોકસી, રહે.૨, ભૃગુપુર સોસાયટી, ભરૂચ-૩૯૨૦૦૧.

વિરુધ્ધ — જન્મ-મરણ અ.નં.૭૫/૨૦૨૫

સામાવાળા : જન્મ-મરણ અધિકારીશ્રી, ભરૂચ નગરપાલીકા, ભરૂચ, તા.જી.ભરૂચ.

આથી લાગતા વળગતા તેમજ હિત ધરાવતી વ્યકિતઓને આ જાહેર નોટીસથી જણાવવાનું કે,ઉપર જણાવેલ અરજદારના માતા નામે **હંસકાન્તા હીરાલાલ ચોકસી નાઓ તા.૦૧-૦૬-૧૯૮૫ ના રોજ ભૃગુપુર સોસાયટી, ભરૂચ ખાતે મરણ** થયેલ હતુ જેથી તેઓના મરણના દાખલાની માંગણી કરતા જણાવેલ છે કે ભરૂચ નગરપાલિકા ભરૂચના દફતરે મરણની નોંધણી થયેલી નથી. તેવી માહિતી અરજદારને મળેલ હોવાથી મરણનો દાખલો મળેલ નથી માટે સદરહું મરણ અંગેની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અરજદારે અત્રેની કોર્ટમાં ઉપર જણાવેલ નંબરથી અરજી દાખલ કરેલ છે. તો આ બાબતે જો કોઈ વ્યકિતને વાંધો હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસની અંદર અત્રેની કોર્ટમાં લેખિતમાં જાણ કરવી. જો આ મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો કાયદેસર રીતે નિયમ અનુસાર હુકમ કરી કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૨૬-૨-૨૦૨૬ ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

અરજદાર તર્ફે એડવોકેટ સહી/- એસ.એસ.દશુ,મુ.પો.લુવારા,તા.જી.ભરૂચ.મો.૯૮૨૪૪૨૭૦૦૪

જાહેર નોટીસ કે.એમ.રાજપુત એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર અંકલેશ્વરની કોર્ટમાં

અરજદારશ્રી : આકાશભાઈ રાજુભાઈ વસાવા, રહે.મુ.ઝણપનીયા ગામ, તા.વાલીયા,જી.ભરૂચ.

વિરુધ્ધ — ક્રમાંક : જન્મ-મરણ નોંધણી અરજી નં.૦૭/૨૦૨૬

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફીસરશ્રી અંકલેશ્વર નગરપાલીકા,તા.અંકલેશ્વર,જી.ભરૂચ.

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રી **આકાશભાઈ રાજુભાઈ વસાવાની બહેન નામે ગંગા રાજુભાઈ વસાવાનો જન્મ તા.૧૫-૦૬-૨૦૦૮ ના રોજ મોજે-અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ.**મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યકિતને વાંધો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રુબરુ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહી આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તારીખ ૧૨ મી જાન્યુઆરી સને-૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

હુકમથી સહી/-(કે.એમ.રાજપુત) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, અંકલેશ્વર

તમારા દુઃખમાં સહભાગી સંદેશ

ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે

દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ

ફક્ત રૂા. ૭૦૦/-

૪૫ ચો.સે.મી. (૯ x ૫ કે ૫ x ૯) સાઇઝ

વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-

રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.

Note : GST as applicable

સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara

Phone : 0265-2464750

રાજપુત અવસાન-સંયુક્ત બેસણું



સ્વ. અજીતસિંહ દોલતસિંહ મહિડા

સ્વ. તા. ૨૨.૦૨.૨૦૨૬

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પુત્રશ્રી/પિતાશ્રી/ભાઈશ્રી **અજીતસિંહ દોલતસિંહ મહિડા** રવિવાર તા. ૨૨.૦૨.૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે.

પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સદ્‌ગતનું સંયુક્ત બેસણું

તા. ૦૧.૦૩.૨૦૨૬ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાન પરીઆ મુકામે રાખેલ છે.

નોંધ : લૌકિક રિવાજ બંધ છે.

શ્વસુર પક્ષ

સ્વ. રણજીતસિંહ ખુમાનસિંહ ઘરિયા
સ્વ. જયેન્દ્રસિંહ ખુમાનસિંહ ઘરિયા
દિલીપસિંહ રણજીતસિંહ ઘરિયા
મુ.પો. સોડગામ, તા. વાલીયા, જી. ભરૂચ

લિ.

દોલતસિંહ ગણપતસિંહ મહિડા
રણજીતસિંહ બહાદુરસિંહ મહિડા
મયુરધ્વજસિંહ અજીતસિંહ મહિડા
ક્રિષ્ણપાલસિંહ અજીતસિંહ મહિડા

નિવાસસ્થાન : મુ.પો. પરીઆ, ટીલાત ફળીયુ, તા. ઓલપાડ, જી. સુરત. મો. ૯૮૯૮૦ ૮૩૨૧૯

ભરૂચ તપોવન સંકુલમાં ઈનામ વિતરણ સમારંભ

। ભરૂચ ।

ભરૂચ તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજયુકેશન, મહિલા બી. એડ.કોલેજ દ્વારા ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ડે ક્રિકેટ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેનો ઈનામ વિતરણ તેમજ સમાપન સમારંભ તા.૧૪-૨-૨૬ ના રોજ યોજવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે જિ.પ્રા.શિક્ષણ સમિતિના ચેરમેન સંજયસિંહ સિંધા, જીગર દવે તેમજ સંસ્થાના પ્રમુખ દિનેશ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટમાં ૩૨ ટીમોના ૩૫૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ પીએફ ઓફીસ-૧ તેમજ એપી-૧૧ વચ્ચે રમાઈ હતી જેમાં એપી-૧૧ ટીમનો વિજય જયો હતો. શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા ડો.કરન નિઝામાના પ્રયત્ન, ઈ. આચાર્ય ડો.આરકા શુકલના માર્ગદર્શન તેમજ નિયામક જાગૃતિ પંડયાના પ્રોત્સાહન થકી સમગ્ર ટુર્નામેન્ટ સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

રીજીયોનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ, કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨, ગુજરાત. ફોન : ૯૧ ૨૬૪૨ ૨૦૫૦૩૪/૩૫ ઈ-મેઈલ : recovery.bharuch@bankofbaroda.com

ઈ-હરાજી તા.૩૧.૦૩.૨૦૨૬ સમય : બપોરે ૨.૦૦ થી ૬.૦૦
નિરીક્ષણ તા. ૨૭મી અને ૩૦મી માર્ચ ૨૦૨૬
(સવારે ૧૦.૦૦ થી સાંજે ૬.૦૦)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨, અને સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ મુજબ સ્થાયી મિલકત માટે રૂલ ૮(૬) અને અસ્થાયી મિલકત માટે રૂલ ૬(૨) સાથે વંચાણમાં લેતા અસ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતા અને દેવાદારઓ/ગીરવેદારો અને જામીનદારોને ખાસ કરીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાયી મિલકત સુરક્ષિત ક્રેડીટર્સ ને મોર્ગેજ/સોંપેલ મિલકતો કે જેનો બેંક ઓફ બરોડા, સુરક્ષિત ક્રેડીટર્સ દ્વારા કબજો મેળવેલ છે. જેની નીચે દર્શાવેલ વિગતે 'જયાં છે, ત્યાં છે તેવી', જેવું છે તેવું', 'જે છે તે' ના ધોરણે બાકી રકમ માટે વેચાણ થશે. દેવાદાર(રો), ગીરવેદાર(રો) અને જામીનદાર(રો) સુરક્ષિત મિલકત બાકી રકમ, અનામત કિંમત, હરાજીની તારીખ, સમય, બાનાની રકમ, બોલી વધારાની રકમ વગેરે નીચે દર્શાવેલ છે. વેચાણ અંગેની વધુ જાણકારી, નિયમો અને શરતો માટે વેબસાઈટ www.bankofbaroda.in /https://www.ibapi.in જુઓ.

અ.નં	શાખાનું નામ	દેવાદારોનું નામ / જામીનદારોનું નામ	મિલકતના માલિકનું નામ	મિલકતોનું વર્ણન (તમામ બોજા મુક્ત)	મિલકતનો પ્રકાર (રહેઠાણ/ફ્લેટ/પ્લોટ/જમીન) / કબજાનો પ્રકાર (સાંકેતિક / પ્રત્યક્ષ)	બાકી લેણાં (લાખમાં)	રીઝર્વ કિંમત / ઈએમડી / બોલી વધારવાની રકમ (લાખમાં)	સંપર્ક વ્યકિતનું નામ અને સંપર્ક નંબર
૧	લીંક રોડ	શ્રીમતી ખેરુનિશા રફીકભાઈ શેખ	શ્રીમતી ખેરુનિશા રફીકભાઈ શેખ	રહેણાંકનો રો હાઉસ અત્તોહિદ પાર્ક નો પ્લોટ નં. સી-૩૩, માપ એરીયા ૭૪.૨૩ ચો.મી, રે.સ.નં. ૬૫ અને ૬૬ પૈકી, ચાવજ રોડ, મોજે રહાદપુર, તા અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. સી- ૩૨, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. સી-૩૪, **ઉત્તર તરફ** : ખુલ્લી જમીન અને રે.સ નં. ૬૫, **દક્ષિણ તરફ** : સોસાયટી રોડ આવેલ છે.	રહેણાંકનું ઘર / સાંકેતિક કબજો	રૂા.૯.૮૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૭.૬૧ ૨) ૧.૭૭ ૩) ૦.૧૦	શ્રી અજય બોઈપોઈ ૮૧૦૨૪૮૮૪૪૨
૨	લીંક રોડ	શ્રીમતી સહિસ્તાબાનુ ઝાકિર પટેલ અને શ્રી ઝાકિર યુસુફ પટેલ	શ્રીમતી સહિસ્તાબાનુ ઝાકિર પટેલ અને શ્રી ઝાકિર યુસુફ પટેલ	ઈકવીટેબલ મોંગેજ કરેલ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે આરઝુ સોસાયટી ની તરીકે જાણીતી સ્કીમ નો પ્લોટ/ ઘર નં. ૨૭, નગર પાલીકા નો વોર્ડ નં. ૨ માપ ૧૫૩.૯૦ ચો.મીટર તેના બાંધકામ ૧૧૬.૦૦ ચો.મીટર, એનએ જમીન નો રેવન્યુ સર્વે નં. ૬૧/૧ +૬૧/૨+ ૬૧/૩+ ૬૨/૧ પૈકી (૭/૧૨ મુજબ રે.સ.નં. ૬૧-૧+૨+૩+૬૨-૧) ની બહાર ની ગામ. ડુંગરી, તા અને જી.ભરૂચ (ગુજરાત) ખાતે આવેલ છે. જેની ચતુર્દિશાઃ **પુર્વે**: જોડેનો રોડ, **પશ્ચિમેઃ** જોડેનો પ્લોટ નં. ૩૮, **ઉત્તરેઃ** જોડેનો પ્લોટ નં. ૨૮, **દક્ષિણેઃ** જમીન રે.સ નં. ૬૧/૧ પૈકી.	રહેણાંકનું ઘર / સાંકેતિક કબજો	રૂા.૬૨.૨૩ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૬૦.૫૦ ૨) ૧.૮૦ ૩) ૦.૧૦	શ્રી અજય બોઈપોઈ ૮૧૦૨૪૮૮૪૪૨
૩	ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ભરૂચ	શ્રી પટેલ જૈનીશ અર્જુનભાઈ અને શ્રીમતી હેતલ જૈનીશ પટેલ	શ્રી પટેલ જૈનીશ અર્જુનભાઈ અને શ્રીમતી હેતલબેન જૈનીશ પટેલ	રહેણાંકનો રો હાઉસ 'શ્રીજી પ્રવેશ' સોસાયટી નો પ્લોટ નં. ૧૨૮ માપ ૬૪.૪૦ ચો.મીટર ગ્રાઉન્ડ ફ્લોર + ૧લા માળ, રે. સ / બ્લોક નં. ૩૨ અને ૭૬, શીવાલીક હાઈટ્સ નજીક, નર્મદા કોલેજ સામે, મોજે. તવરા, તા. અને જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા : પૂર્વ તરફ** : પ્લોટ નં. ૧૨૫,**પશ્ચિમ તરફ** : સોસાયટીનો આંતરીક રોડ,**ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૨૭,**દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૨૯ આવેલ છે.	રહેણાંકનું ઘર / સાંકેતિક કબજો	રૂા.૩૧.૭૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૩૫.૨૧ ૨) ૩.૫૩ ૩) ૦.૧૦	શ્રી અમીત રાવલ ૮૮૩૦૫૩૫૯૫૪
૪	અંકલેશ્વર મેઈન	શ્રી ચૌધરી રામજન અલી	શ્રી ચૌધરી રામજન અલી	રહેણાંકનો ઘર સન વેલી રેસીડન્સી નો પ્લોટ નં. ૪૪ માપ ૫૦.૧૭ ચો.મીટર, રે. સ નં. ૧૬૯ (જુનો રે.સ નં. ૫૬/એ/૨) ઝમ ઝમ પાર્ક નજીક, કાપોદરા થી બાકરોલ રોડ , ગામ. કાપોદરા, તા. અંકલેશ્વર, જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની **ચતુર્દિશા : પૂર્વ તરફ** : સોસાયટી રોડ,**પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૫૩,**ઉત્તર તરફ** : પ્લોટ નં. ૪૩,**દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૪૫ આવેલ છે.	રહેણાંકનું ઘર / સાંકેતિક કબજો	રૂા.૧૩.૩૪ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૩.૧૨ ૨) ૧.૩૨ ૩) ૦.૧૦	શ્રી ધીરજકુમાર ૯૦૯૯૦૦૭૪૦૨
૫	દહેજ	શ્રીમતી જયવંતીબેન નારાયણભાઈ ચાંદક	શ્રીમતી જયવંતીબેન નારાયણભાઈ ચાંદક	કોમર્શિયલ દુકાન બ્લોક /રે.સ.નં. ૨૮૧ (જુનો રે.સ. નં.૧૪ પૈકી દુકાન પૈકી + પૈકી ૧- બી- ૮૭, દુકાન નં. ૧૫, ગ્રાઉન્ડ ફ્લોર ની સેન્ટોસા કોમ્પ્લેક્ષ શોપીંગ સેન્ટર વિભાગ ૧, માપ એરીયા ૨૫ ચો.મી, ગામ. વડદલા તા. વાગરા, જી. ભરૂચ, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : રહેણાંકનો ખુલ્લો પ્લોટ, **પશ્ચિમ તરફ** : દુકાનનો પેસેજ પછી રોડ, **ઉત્તર તરફ** : દુકાન નં. ૧૪, **દક્ષિણ તરફ** : સોસાયટીનો ૯ મીટરનો રોડ આવેલ છે.	કોમર્શીયલ દુકાન / સાંકેતિક કબજો	રૂા.૭.૬૨ + વ્યાજ + કાનુની અને અન્ય ચાર્જીસ	૧) ૧૨.૪૫ ૨) ૧.૨૫ ૩) ૦.૧૦	શ્રી રૂપેશ કુમાર ૮૪૦૧૯૭૩૩૨૧

નિયમો અને શરતો : ૧) મિલકત સાંકેતીક કબજામાં છે અને બિડર તેના/પોતાના જોખમ અને જવાબદારી થી સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે. ૨) બેંક ફકત સાંકેતિક કબજા ની રીતે જ મિલકતનો કબજો સોપશે. સફળ બિડર્સ/ ખરીદનાર બેંક પાસેથી ભૌતિક/પ્રત્યક્ષ કબજો મેળવવાના દાવો કરી શકશે નહી. ૩) પ્રત્યક્ષ કબજો સોંપવા માટે જવાબદાર અથવા ફરજ થી બંધાયેલ રહેશે નહી. ૪) સફળ હરાજી ખરીદનાર કોઈપણ કેશ માં પરત કરેલ પૈસા ઉપર કોઈપણ વ્યાજ નો દાવો કરવા માટે હકદાર રહશે નહી. ૫) સફળ હરાજી ખરીદનાર ઈ હરાજી પછી તરત જ ઉપરોકત નિયમો અને શરતોની પુષ્ટિ કરતુ ઘોષણાપાત્ર કમ અંડરટેકીંગ સબમીટ કરવાનુ રહશે. ૬) વેચાણ પછી જો સફળ બિડર ઘોષણાપત્ર કમ અન્ડરટેકીંગ સબમીટ કરવામાં નિષ્ફળ જશે તો બીડની રકમ જપ્ત કરવામાં આવશે.

સરફેસી કાયદા હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદાર ને ૩૦ દિવસની કાનુની વેચાણ નોટીસ

વેચાણ અંગેની શરતો માટે સાથે આપેલ લીંક https:// www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com ઉપર જુઓ.

(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

Scan QR Code

તા.૨૬.૦૨.૨૦૨૬ । સ્થળ : ભરૂચ. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા